મૂર્ખ માણસ વખાણથી
મોહિત થઇ ગાલેફ રહે છે
જ્યારે ડાહ્યો માણસ
નિંદાથી જાગૃત રહે છે
- ગિજુભાઇ બધેકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૪૩ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૩, શનિવાર; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તબીબના પત્નીની કરપીણ હત્યા

## ધોળે દિવસે રાધે રેસીડેન્સીના છઠ્ઠા માળે ફ્લેટમાં ઘુસીને ડોક્ટરની પત્નિની ક્રુર હત્યા : શહેરના જાણીતા ફીઝીશીયન ડો. વિવેક ભાવે સવારે કલીનીક ગયાને બપોરે સ્કુલેથી સંતાનોને લઈ ઘરે ગયા ત્યાં સુધીમાં તેમની પત્નિને તીક્ષ્ણ હથિયારથી રહેંસી નાંખી : ગળે તિક્ષ્ણ હથિયાર ફેરવી દઈ એક જ ઘામાં ઢીમ ઢાળી દીધું : જાણભેદુ શખ્સ હોવાની પ્રબળ આશંકા





ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર શહેરનાં જાણીતા ફીઝીશીયન ડૉ. વિવેક ભાવેના પત્નિનું કુડાસણના રાધે રેસીડેન્સી ખાતે છઠ્ઠા માળે મકાનમાં ઘુસીને કોઈ શખ્સે ખૂન કરી નાંખ્યાની ચકચારી ઘટના બનવા પામી છે. ડૉકટર સવારે ૧૦ વાગ્યે કલીનીકમાં ગયા બાદ બપોરે બંને દિકરાને સ્કુલેથી લઈ બે વાગ્યે ઘરે પહોંચ્યા ત્યારે તેમની પત્નિની ક્રૂર હત્યા કરાયેલી હાલતમાં ફલોરીંગ પર પથરાયેલી લાશ પડેલી હતી અને બાજુમાં લોહી-લોહી રેલાતું હતું. હત્યારો કોઈ જાણભેદુ હોવાની પોલીસને પ્રબળ આશંકા છે.

ઘરનો સરસામાન બિલકુલ વેરવિખેર તથા ઘરના રૂપિયા પણ તેમ ને તેમ હોવાથી લુંટનો ઈરાદો પણ શકય નથી. સે-૭ પોલીસ તથા જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ઝીણવટભરી તપાસ શરુ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગાંધીનગરના શહેરના સેકટર-૭ ખાતે શ્રેયસ હાર્ટ કેર એન્ડ નર્સીંગ હોમ કલીનીક ચલાવતા અને કુડાસણ ગામે સ્વાગત રેઈન ફોરેસ્ટની બાજુમાં આવેલી રાધે રેસીડેન્સી ફલેટના છઠ્ઠા માળે મકાન નં. એ-૬૦૪માં રહેતા એમ.ડી. ડૉ. વિવેક ગજાનંદ ભાવે આજે સવારે ૧૦ વાગ્યે કલીનીકમાં ગયા હતા. તેમને એક ૭ વર્ષનો અને એક ૧૩ વર્ષનો એમ બે દિકરા છે. બંનેને શાળાએથી બપોરે લઈને બે વાગ્યે ઘરે પહોંચ્યા ત્યારે તેમના ફલેટના દરવાજાની સ્ટોપર બહારથી અડધી બંધ કરેલી હતી. સ્ટોપર ખોલીને બાળકો સાથે ડૉ. વિવેક ભાવે ઘરમાં ઘુસ્યા તો ઘરમાં લોહીના રેલા અને ખાબોચીયા તથા ક્રુર રીતે હત્યા કરી દેવાયેલી હાલતમાં ફલોરીંગ પર પડેલી તેમની ૩૫ વર્ષીય પત્નિ રશ્મિબેન ભાવે પડી હતી. બંને બાળકોને બહાર કાઢીને તેમણે તાત્કાલિક પોલિસ કંટ્રોલને આ અંગે જાણ કરતાં સે-૭ પી.આઈ. એ.એમ. પરમાર તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતાં. એસ.પી. શરદ સિંઘલ પણ તાબડતોબ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા એફએસએલને જાણ કરીને બોલાવી લેવાતા એફએસએલ અધિકારી જી.પી. દરબાર પણ સ્થળ પર આવી પહોંચ્યા હતાં. તમામ અધિકારીઓએ હત્યા કરાયેલી હાલતમાં પડેલી લાશ તથા આસપાસમાં પડેલી ચીજવસ્તુઓની ઝીણવટભરી તપાસ શરુ કરીને હત્યારા સુધી પહોચવા અને કોઈ કડી મેળવવા તજવીજ શરુ કરી છે. પરંતુ હજુ નિર્દયતાથી હત્યા કરી નાંખી ફરાર થઈ જનાર શખ્સ સુધી પોલીસને

● અનુસંધાન પાન-૭ પર

### ખુન કરીને ખુનીએ હથિયાર કે હાથ વોશ બેસીનમાં ધોયા...!!

આયોજનબધ્ધ થયેલી તબીબની પત્નિની ક્રુર હત્યા કરીને હત્યારાએ તેના હાથ કે હત્યા કરવા માટે વાપરેલું હથિયાર વોશ બેસીનમાં ધોઈ નાંખ્યા હતા. હત્યારાએ આમ કરવાની જરુર કેમ પડી તે તો તપાસનો વિષય છે. પરંતુ પોલીસ અને એફએસએલના અધિકારીઓની તપાસમાં હત્યારાએ હાથ કે હથિયાર વોશ બેસીનમાં ધોયું હોવાનું બહાર આવ્યુંછે. વોશ બેસીનમાંથી લાલ ડાઘ વાળું લોહી મિશ્રિત પાણીના છાંટા તથા વોશ બેસીનની પાઈપમાં અટવાયેલું પાણી મળી આવ્યું હતું. એફએસએલ અધિકારીએ આ પાણીનું સેમ્પલ લઈને તપાસ માટે લઈ લીધું છે.

### પાણી માંગીને હત્યારાએ રસોડામાં જઈ ખૂન કર્યું હોવાની શકયતા

તબીબની પત્નિ રશ્મિબેન ભાવેની હત્યા કરનાર શખ્સ ઘરમાં આવ્યા બાદ બેઠો હશે અને પાણી માંગ્યા બાદ જયારે રશ્મિબેન રસોડામાં પાણી લેવા ગયા ત્યારે પાછળથી જઈને ગળે ધારદાર છરો મુકીને રહેંશી નાંખી હોવાની શકયતા છે-કેમ કે ઝીણવટભરી તપાસમાં જોવા મળ્યું હતું કે રસોડામાં પ્લેટફોર્મ પર એક પાણીનો ભરેલો ગ્લાસ પડયો હતો જેથી તે બાબતને પણ નોંધીને અનુમાન લગાવવામાં આવ્યું છે કે હત્યારો ચોકકસ જોઈ જાણભેદુ શખ્સ હશે અને ઘરે આવીને રશ્મિબેન પાસે પાણી માંગીને જયારે તેઓ પાણી લેવા ગયા ત્યારે બિલ્લી પગે રસોડામાં જઈ તેણીને રહેંશી નાંખી ક્રુર હત્યા કરી હોવાનું અનુમાન છે. પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી છે.

